# સેક્ટરોમાં કાર્યકરોની રાત્રી સભાઓ જામતી જાય છે

સેક્ટરમાં કાર્યકરોની રાત્રી સભાઓ જામતી જાય છે. ભાજપની સત્તાઓના પગલે પગલે કોંગ્રેસે પણ જોર જમાવ્યું છે. કોંગ્રેસના ઝોન પ્રમુખો દોડતા થઈ ગયા છે. ભાજપના નવા શહેર પ્રમુખની સંપર્ક યાત્રા કાર્યકરોમાં નવો જોમ જુસ્સો ઉભો કરે છે. અત્યારે તો નવા પ્રમુખની નવી ટીમ કેવી બનશે - કોણ કોણ હશે ? એની ચર્ચાઓ ચાલે છે. પરંતુ ભાજપ જેને ટિકિટ નહિ આપી શકે તેવા સક્ષમ અને સમર્થ કાર્યકરોને સંગઠનમાં ગોઠવશે. કોંગ્રેસની પાસે તો જમ્બો માળખું છે. આમ બંને પક્ષે બેઠકો, સંપર્કો અને વ્યૂહરચનાઓ પૂરજોશમાં ચાલે છે. આમ છતાં દાવેદારોની સંખ્યા બંને પક્ષોમાં દિવસે દિવસે વધતી જાય છે. કોઈ વોર્ડ બદલવા માંગે છે તો કોઈ પેનલ બદલવા માંગે છે. બંને પક્ષોના પદાધિકારીઓ જુથબંધીથી પર રહી પસંદગીને કેવો ઓપ આપે છે તેના ઉપર જય - પરાજયના સમીકરમો રચાશે.

ગાંધીનગર મનપામાં પાંચ વર્ષ અગાઉ ચૂંટાયેલા તેત્રીસ નગરસેવકોમાંથી માત્ર એક જ નગરસેવક સ્પષ્ટ રીતે કહે છે - મારે ચૂંટણી નથી લડવાની અને તે છે સ્ટેન્ડીંગ કમિટિના પૂર્વ ચેરમેન અને શહેરી વિકાસ સત્તામંડળના અધ્યક્ષ આશિષ દવે. આનો અર્થ એમ બને છે કે તેત્રીસમાંથી માત્ર એક જ સ્વેચ્છાએ ખસી જતા બત્રીસ કોર્પોરેટરો ટિકિટની દાવેદારી કરી રહ્યા છે. જોકે ખાનગીમાં ચારથી પાંચ કોર્પોરેટરો ચૂંટણી નહિ લડવાના મતના છે. પરંતુ સહેલીથી જો ટિકિટ મળી જાય તો લડી નાખવું, એવી અવઢવમાં પણ છે. બંને પક્ષમાંથી અર્થાત્ ભાજપના અઢારમાંથી આશિષ દવેને બાદ કરતા સત્તર કોર્પોરેટરોમાંથી ઓછામાં ઓછા સાતથી આઠને રીપીટ નહિ કરવાનું પક્ષના સૂત્રો જણાવે છે અને એવી જ સ્થિતિ કોંગ્રેસમાં પણ છે. કેટલાક જૂતના સમીકરણોમાં કપાય છે તો કેટલાક વોર્ડ સીમાંકનના નવા સંયોજનોમાં કપાય છે. અનામત - બિનઅનામત બધુ થિને બંને પક્ષોમાં પચાસ ટકાથી વધુ નવા ચહેરા ચમકશે. અનુભવની સાથોસાથ નવી દ્રષ્ટિનું સંયોજન કરવાનું પણ કોંગ્રેસ - ભાજપ બંને વિચારે છે. ઉમેદવાર પસંદગી પ્રક્રિયામાં ભાજપ માટે ભારે માથાનો દુઃખાવો છે. તો કોંગ્રેસમાં તો અત્યારથી જ સામસામે પડકારો થાય છે. આમ છતાં કોઈ પક્ષ માટે સહેલું નથી કે જીતી જ જવાશે. જ્યારે કોઈ પક્ષ માટે એટલું કઠિન નથી કે જીતી જ નહિ શકાય.

**મહાનગરનો મહાસંગ્રામ**

**- સંજય દૃષ્ટિ**

મહાનગરના મહાસંગ્રામમાં પ્રથમ મેયર મહેન્દ્રસિંહ રાણાની આગેવાનીમાં ભાજપ ચૂંટમી લડશે એવી ચર્ચાઓએ જોર પકડ્યું છે, તો વર્તમાન મેયર હંસાબેન મોદી પણ વોર્ડ નં. ૧ માંથી નસીબ અજમાવશે એમ મનાય છે. સ્ટેન્ડીંગ કમિટિના પૂર્વ ચેરમેન અને કોંગ્રેસના અગ્રણી પ્રવીણભાઈ પટેલ (ક્વૉલીટી) અને વર્તમાન ચેરમેન રાકેશ પટેલ ચૂંટણીના મેદાનમાં રહેશે. પૂર્વ ડેપ્યુટી મેયર સુભાષ પાંડવ અને વર્તમાન ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલે ચૂંટણી જંગની તૈયારીઓ આરંભી દીધી છે. આ ઉપરાંત વિરોધ પક્ષના પૂર્વ નેતા મનુભાઈ પટેલ અને વર્તમાન નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા પણ ચૂંટણી જંગના સેનાની છે. આ ઉપરાંત કોંગ્રેસના પૂર્વ નેતા ચીમનભાઈ વિંઝુડા અને ભાજપના વર્તમાન શાસકપક્ષના નેતા ગોવિંદભાઈ પરમાર પણ ચૂંટણીમાં ઝુકાવશે. સમાચાર તો એ બને છે કે સ્થાનિક નગરસેવકો ઉપરાંત બંને પક્ષોના જિલ્લા કક્ષાના નેતાઓએ પણ પોતાના નામો શહેરની મતદારયાદીમાં નોંધાવ્યા છે. એનો અર્થ એવો થાય કે તેઓ દાવેદારીની તક જવા નહિ દે. આવનારા દિવસો શહેરના રાજકારણ માટે ભારે રોમાંચક બની રહેશે.

## અગાઉ ચૂંટાયેલા તેત્રીસ નગરસેવકોમાંથી માત્ર એક જ નગરસેવક સ્પષ્ટ રીતે કહે છે - મારે ચૂંટણી નથી લડવાની અને તે છે સ્ટેન્ડીંગ કમિટિના પૂર્વ ચેરમેન અને શહેરી વિકાસ સત્તામંડળના અધ્યક્ષ આશિષ દવે

## સાઈકલ શેરીંગ પ્રોજેક્ટની સરળ સમજ

- ગાંધીનગર શહેરમાં કુલ ૧૦ જગ્યાએ સાયકલ સ્ટેન્ડ મુકેલ છે.
- ગાંધીનગર શહેરમાં ઘ-૦ (ઈન્ફોસીટી), ઘ-૨ (સે. ૬), ઘ-૩ (પથીકાશ્રમ), ઘ-૪ (ઉદ્યોગભવન) ઘ-૫ (સે. ૨૩), ઘ-૬ (સે.૨૯), ચ-૪ (વિધાનસભા), સે.૨૧ (રાજશ્રી સીનેમાની પાછળ), સરિતા ઉદ્યાન, પુનિતવન જગ્યાએ સાયકલ સ્ટેન્ડ પરથી સાયકલ ઉપલબ્ધ થશે.
- સાયકલ સ્ટેન્ડ પરથી સાયકલ સવારે ૬ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી મેળવી શકશે.
- હા, સાયકલ મેળવવા માટે વ્યક્તિએ ઓળખના પુરાવા સ્વરૂપે ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ રજુ કરવાનું રહેશે. આ પુરાવાનો ફક્ત ફોટો પાડી વ્યક્તિને તુરંત પાછુ મળી જશે.
- સાયકલ મેળવવા માટેની મોબાઈલ એપ બનાવવામાં આવેલ છે. જેનાથી સાયકલનું રજીસ્ટ્રેશન કરી શકાશે સાયકલનું રજીસ્ટ્રેશન થયા બાદ વ્યક્તિને સાયકલ આપવામાં આવશે.
- હા, કોઈપણ સ્ટેન્ડ પરથી સાયકલ લઈ કોઈપણ સ્ટેન્ડ પર સુપ્રત કરી શકશે.
- સાયકલનું ભાડુ પ્રથમ ત્રણ માસ ૨૧-૩-૨૦૧૬ થી ૨૦-૬-૨૦૧૬ સુધી પ્રથમ ચાર કલાક મફત રહેશે. ચાર કલાક બાદ રૂ. ૧૦ પ્રતિ કાલક ભાડુ ચુકવવાનું રહેશે. તા. ૨૧-૬-૨૦૧૬ સાયકલનું ભાડુ રૂ. ૫ પ્રતિ કલાક શરૂઆતના કલાકથી જ રહેશે.
- સાયકલ ચલાવતી વખતે સાયકલમાં પંચર પડે તો વ્યક્તિએ પંચરનું ખર્ચ ચુકવવાનું રહેશે નહી અને વ્યક્તિ નજીકના સ્ટેન્ડ પરથી સાયકલની ફેર બદલી કરી શકશે.
- સાયકલ લીધા બાદ અકસ્માત થાય તો ગુડા દ્વારા નિમણુંક કરેલ સંચાલન એજન્સીની જવાબદારી રહેશે નહી અને રીપેરીંગનો જે કંઈ ખર્ચ થાય તે સાયકલ વપરાશકર્તાની અંગત જવાબદારી રહેશે.








**અટલ આવાસ યોજના :** ગાંધીનગરના પાદરે અડાલજ ટી.પી. સ્કીમ ૧૦માં ગરીબ લાભાર્થીઓ માટે અટલ આવાસ યોજનાની ખાત વિધિ ગાંધીનગર શહેર વિકાસ સત્તા મંડળના ચેરમેન આશિષભાઈ દવેના હસ્તે યોજાઈ હતી. આ પ્રસંગે પક્ષના અગ્રણીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હોળી ઉજવવા રાજસ્થાની ઘરઘાટીઓએ વતનની વાટ પકડી

ગાંધીનગર, તા.૨૧

હોળી-ધુળેટીના તહેવારો આડે માંડ બે ત્રણ દિવસ બાકી છે ત્યારે શહેરમાં ઘરઘાટી તરીકે કામ કરતા રાજસ્થાનીઓએ વતનની વાટ પકડી છે. મોટા ભાગના ઘરઘાટીઓ વતન જવા રવાના થઈ ગયા છે જયારે બાકી રહી ગયેલા એકાદ દિવસમાં હોળીની ઉજવણી કરવા પોતાના પરિવાર પાસે પહોંચી જશે.

રાજસ્થાન સહિતના ઉત્તર ભારતના વિસ્તારોમાં હોળી ધુળેટીના તહેવારોનું આગવું મહત્વ છે. રાજસ્થાનના વિવિધ વિસ્તારોમાં હોળીની ખૂબ ધામધૂમથી ઉજવણી થાય છે. નવા વસ્ત્રો પહેરી સૌ કોઈ ખુબ ઉત્સાહપૂર્વક હોળીની ઉજવણી કરે છે. ગાંધીનગરમાં વસવાટ કરતા રાજસ્થાની પરિવારોમાં પણ હોળીની ઉજવણીનો અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જયારે અહીં ઘરઘાટી તરીકે કામ કરતા રાજસ્થાનના ડુંગરપુર વિસ્તારના ઘરઘાટીઓ એક અઠવાડિયાથી લઈને પંદર દિવસની રજા લઈ હોળી-ધુળેટીની ઉજવણી કરવા માટે પોતપોતાના વતન તરફ જવા રવાના થઈ ગયા છે. ચિલોડાથી રાજસ્થાન તરફ જતા વાહનોમાં હાલમાં ખુબ ભીડ જોવા મળી રહી છે. ડુંગરપુર-ઉદેપુર તરફ જતા સસ્તા ભાડાના વાહનોની તો જાણે અહીં કતાર લાગેલી જોવા મળી રહી છે. રાજસ્થાની ઘરઘાટીઓમાં હોળી-ધુળેટીની ઉજવણીનો અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે જયારે ગૃહિણી ટેન્શનમાં આવી ગઈ છે. બાળકોની પરીક્ષાના સમયે જ ઘરઘાટીઓ રજા પર જતા રહેવાના હોવાથી ગૃહિણીઓના માથે બાળકોની પરીક્ષાનું અને ઘરકામનું એમ બબ્બે ટેન્શન આવી ગયા છે.

**બાંધકામ ક્ષેત્રના આદીજાતિ શ્રમિકો પણ હોળી ઉજવવા દેશમાં જવાની તૈયારીઓ કરી રહ્યા છે : બજારોમાં હોળી-ધુળેટીની ખરીદી જામી**

રાજસ્થાનીઓની જેમ જ બાંધકામ ક્ષેત્રે કામ કરતા આદિજાતિ મજૂરો પણ હોળી ધુળેટીની ઉજવણી કરવા માટે દેશમાં જવા થનગની રહ્યા છે. આદિવાસી વિસ્તાર તરફની એસ.ટી. બસો અને ખાનગી વાહનોમાં પણ ભીડ જોવા મળી રહી છે. બાંધકામ ક્ષેત્રના શ્રમિકો-મજૂરો હોળી-ધૂળેટીના અવસરે લગભગ બે અઠવાડિયાની રજા પાડતા હોવાથી બાંધકામ ક્ષેત્રનું કામકાજ આગામી પંદર દિવસ સુધી ઠપ્પ રહેશે. કોન્ટ્રાકટરો પણ મજૂરોને પૈસાની ચુકવણી કરવામાં વ્યસ્ત બન્યા છે. વતન જતા પહેલા પરિવાર માટે નવા વસ્ત્રો સહિતની ચીજ વસ્તુઓની ખરીદી કરવાની હોઈ બજારોમાં પણ ભીડ જોવા મળી રહી છે. હોળી ધુળેટીના તહેવારોની ઘરાકી બજારમાં જોવા મળી રહી છે.

### ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર મનપા દ્વારા આજે સે. ૧માં સાયકલ ટ્રેક બનાવવાની કામગીરીનો ખાતવિધિ સમારોહ યોજાયો છે.
- આધાર કાર્ડની કામગીરી અંગે આજે રાજ્યના મુખ્ય સચિવશ્રીએ ખાસ સમીક્ષા કરી હતી. તેમણે આ કામગીરીમાં ગતિ લાવવા અને એપ્રિલ સુધીમાં કામગીરી સંપન્ન થાય તેવો આગ્રહ રાખ્યો હતો.
- ગુડા દ્વારા આજે ટ્રીન...ટ્રીન... ગ્રીન ગ્રીન ગાંધીનગર પ્રોજેક્ટના પ્રારંભે શહેરની શાળાના બાળકોની સાથે સીનીયર સિટીઝનો જે નિયમિત સાયકલીંગ કરે છે તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.
- સે. ૨૨માં આજે ખુલ્લા મુકાયેલ જનસેવા કેન્દ્રના પ્રારંભે સત્તાધારી પક્ષીના કાઉન્સીલરોની ગેરહાજરી દેખાઈ આવતી હતી એટલુ જ નહિ સંગઠનના અગ્રણીઓની પણ ગેરહાજરી ઉડીને આંખે વળગતી હતી.
- પનઘટ કલા કેન્દ્રના શ્રી ભાવિન પટેલે આજે તેમનો જન્મદિવસ મિત્રો સાથે અને પરિવારના સભ્યો સાથે મનાવ્યો હતો.
- ગાંધીનગર જિલ્લાના ૨૯૧ ગામોને પાઈપલાઈન દ્વારા પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે.
- ગાંધીનગર શહેરમાં વૃક્ષોને નાના ખીલા લગાવી તેના પર જાહેરાતના પોષ્ટર્સ લગાવવાની વાત વન વિભાગના ધ્યાનમાં છે પરંતુ કાયમી નુકશાન વૃક્ષને ન હોવાથી કોઈ પગલાં લેવાયા નથી તેવુ સરકારે વિધાનસભા ગૃહમાં જણાવ્યુ છે.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ... આ બન્ને બાળકો વેકેશનમાં સાયકલ શેર કરવા ઇચ્છે છે... એમને મુકી જઉ છુ સાયકલ શીખવી દેજો...!!**

### આજે ગાંધીનગર ખાતે પીવાના પાણી અંગેની જાગૃતિ માટે રેલી

વાસ્મો દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ પીવાના પાણી અંગેની જાગૃતિ લાવવા માટેનું એક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર ખાતે તા. ૨૨મી માર્ચ, ૨૦૧૬ના રોજ પીવાના પાણી અંગેની જાગૃતિ લાવવા માટેની રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. રેલીનો આરંભ ઘ-૩ સર્કલ પાસેના સેક્ટર-૬ના મેદાન ખાતેથી સવારના ૯ કલાકથી થશે. પીવાના પાણી અંગેની જાગૃતિ લાવવાના સૂત્રોચ્ચારો અને બેનરો સાથે રેલી સવારના ૧૦ કલાકે ગાંધીનગર ટાઉનહોલ, સેક્ટર-૧૭ ખાતે પહોંચશે. ટાઉનહોલ ગાંધીનગર ખાતે પીવાના પાણી અંગેની જાગૃતિ માટેના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. પાણી પુરવઠા મંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને વર્કશોપને ખુલ્લો મુકાશે. વર્કશોપમાં પાણી પુરવઠા વિભાગના અગ્ર સચિવ મુકેશ પુરી, વાસ્મોના પ્રોજેક્ટ ડાયરેક્ટર પી.જી. મજીથીઆ પણ ઉપસ્થિત રહેશે.

## બોર્ડ પરીક્ષામાં એક કિસ્સામાં શાળા સંચાલકની બદલી : જિલ્લામાં કુલ ૧૦ કોપી કેસ

ગાંધીનગર તા ૨૧

ગુજરાત ઉચ્ચતર માધ્મમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત બોર્ડની પરિક્ષા પુર્ણ થઈ ગઈ છે.

**પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન વિદ્યાર્થીઓ વાલીઓ તેમજ શિક્ષણતંત્રમાં હાંશકારો**

બોર્ડ પરિક્ષા દરમિયાન ધોરણ - ૧૦ અને ૧૨માં કુલ ૧૦ કોપી કેસ દાખલ કરાયા છે. જિલ્લામાંથી ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી જો કે એકંદરે બોર્ડની પરિક્ષા શાંતિપુર્ણ મોહોલમાં સંપન્ન થતા શિક્ષણતંત્રએ રાહતનો દમ લીધો છે.

ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષા પુર્ણ થતા વાલીઓ તેમજ વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો છે. જયારે પરિક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થતા શિક્ષણતંત્રને પણ રાહત થઈ છે. જિલ્લામાંથી અંદાજિત ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી જો કે પરિક્ષા દરમિયાન કુલ ૧૦ કોપી કેસ દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં ધોરણ-૧૦માં ૬ તેમજ ધોરણ-૧૨માં ૪ કોપી કેસ દાખલ કરવામાં આવ્યા છે. પ્રત્યેક પરિક્ષાખંડમાં સી સી ટીવી કમેરાની વોચ ગોઠવવામાં આવી હતી જયારે સી સી ટી વી કેમેરાનુ લાઈવ સ્ક્રીનીંગ પણ કરવામાં આવતુ હતુ જેના લીધે જિલ્લામાં પરિક્ષા દરમિયાન ગેરરીતીની કીસ્સા અટકાવવાની કામગીરી વધુ અસરકારક થઈ શકી હતી. શિક્ષણતંત્ર દ્વારા પણ પરિક્ષા દરમિયાન એક શાળા સંચાલકની બદલી કરવાની ફરજ પડી હતી પરિક્ષા દરમિયાન શાંતિનો ભંગ થાય તેવો કોઈ બનાવ બનવા પામ્યો ન હતો. ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષા પુર્ણ થયા બાદ હવે આગામી તા ૨૮ માર્ચથી ધોરણ-૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષા શરૂ થશે.

### વનશ્રી ટ્રસ્ટ દ્વારા વિશ્વ વન દિવસ નિમિતે રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં વન અને પર્યાવરણમાં હંમેશા અગ્રેસર રહેતી વનશ્રી સંસ્થા દ્વારા આજે ૨૧ માર્ચના રોજ વિશ્વ વન દિવસ નિમિતે શહેરના હાર્દ સમા ઘ-૫ વિસ્તારમાંથી વનવિભાગના સહયોગથી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં સેકટર-૫માં આવેલ પ્રેરણા સ્કુલના બાળકો જોડાયા હતા. બાળકોએ સુત્રોચ્ચાર અને પ્લકાર્ડ દર્શાવી પર્યાવરણ અંગે જાગૃતિ લાવવા નગરજનોને સંદેશો પાઠવ્યો હતો. રેલી ઘ-પથી આરટીઓ સર્કલ સુધી રેલીમાં મોટીસંખ્યામાં વિદ્યાર્થીઓ અને વનવિભાગના કર્મચારીઓ સહિત વનશ્રી ટ્રસ્ટના અંજના નિમાવત તેમજ હોદેદારો જોડાયા હતા.

### મોટી આદરજ ગામ ખાતે આજે હોમિયોપેથિક નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૨૧

જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા તમાકુ વ્યસન મુક્તિ, મસા અને કિડની પથરી માટેના હોમિયોપેથિક નિદાન સારવાર કેમ્પનું આયોજન તા. ૨૨મી માર્ચ, ૨૦૧૬ના રોજ સવારના ૧૦ થી ૧ કલાક દરમ્યાન ગાંધીનગર તાલુકાના મોટી આદરજ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું છે.

આ નિદાન કેમ્પમાં તમાકુ વ્યસન મુક્તિ, મસા અને કિડની પથરી જેવા રોગોની સારવાર માટેની હોમિયોપેથિક દવાઓ આપીને કરવામાં આવશે. તેમજ હોમિયોપેથિક દવાઓ સાથે રોગો વિશેનું જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવશે. આથી રખિયાલ અને આજુબાજુના દરેક ગ્રામજનોને આ કેમ્પનો લાભ લેવા જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ડૉ. બી.ટી. પટેલે યાદીમાં જણાવ્યું છે.

## છાલા અને ચરાડા ગામ ખાતે આયુર્વેદ મેગા કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા ગાંધીનગર તાલુકાના છાલા ગામ અને માણસા તાલુકાના ચરાડા ગામ ખાતે આયુર્વેદ મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગર તાલુકાના છાલા ગામ ખાતે તા. ૨૩મી માર્ચના રોજ સવારના ૯ થી ૧ કલાક દરમ્યાન આયુર્વેદ મેગા કેમ્પ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાશે. તેમજ માણસા તાલુકાના ચરાડા ગામની શ્રી કે.જી. હાઈસ્કૂલ ખાતે તા. ૨૫મી માર્ચ, ૨૦૧૬ના રોજ સવારના ૯ થી ૧ કલાક દરમ્યાન આયુર્વેદ મેગા કેમ્પ યોજાશે.

આ આયુર્વેદ મેગા કેમ્પમાં અગ્નિકર્મ, જાલંધર બંધ તથા આધુનિક યુગમાં વધુ પ્રમાણમાં જોવા મળતા ડાયાબિટીસ રોગ સામે રક્ષણ મેળવવા, વા-સંધિવતા, કમરનો દુખાવો, વાળના રોગ, પથરી, પેટના દર્દો, કબજીયાત, એસીડીટી, ભુખ ન લાગવી, શ્વાસ, સ્ત્રીઓના રોગો (સફેદ પાણી પડવુ), બાળકોના રોગ, ચામડીના રોગ જેવા રોગોનું નિદાન કરવામાં આવશે. આ કેમ્પમાં આણંદ જિલ્લાના પંડોળી સરકારી આયુર્વેદ દવાખાના વૈદ્ય શ્રી નિતીનભાઈ નાયક, સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સેક્ટર-૨૨ના આર.એમ.ઓ. વૈદ્ય શ્રી ધર્મેન્દ્ર પટેલ અને અમદાવાદની અખંડઆનંદ આયુર્વેદ કોલેજના વૈદ્ય ફાલ્ગુન પટેલ દ્વારા સેવાકીય લાભ આપવામાં આવનાર છે, તેવું જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ભાવનાબેન પટેલે યાદીમાં જણાવ્યું છે.

## બળાત્કારના કેસમાં આરોપીને આજીવન કેદની સજા
### માણસા તાલુકાના રિદ્રોલ ગામમાંથી સગીરાને લાલચ આપી આરોપીએ અઘટિત કૃત્ય આચર્યુ હતુ

ગાંધીનગર તા ૨૧

માણસા તાલુકાના રીદ્રોલ ગામમાં સગીરાને લલચાવી ફોસલાવી તેનુ અપહરણ કરી બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર કોર્ટ આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત એવી છે કે માણસા તાલુકાના રિદ્રોલ ગામમાં તા ૨૧ ડિસેમ્બર વર્ષ ૨૦૧૩ના રોજ આરોપી મુકેશજી આતાજી ઠાકોર સગીરાને લલચાવી ફોસલાવી લઈ ગયો હતો. આ દરમિયાન તેણીની સાથે મરજી વિરુધ્ધનુ અઘટિત કૃત્ય આચર્યુ હતુ. આ અંગે માણસા પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ ગાંધીનગરની એડિશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી. સમાજમાં દાખલો બેસાડવા માટે આરોપીને કડક સજા કરવા જણાંવ્યુ હતુ જ દલીલો તેમજ પુરાવાને ધ્યાને લઈ જજ આર એ ધોધારીએ આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે ગ્રાહકોની બાબતો, અન્ન અને જાહેર વિતરણ વ્યવસ્થા વિભાગના કેન્દ્રીય મંત્રીશ્રી રામવિલાસ પાસવાને ગાંધીનગરમાં વિધાનસભા કાર્યાલય ખાતે સૌજન્ય મુલાકાત લીધી હતી.